**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૨/૦૨/૨૦૧૮  સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૨૯૭/૧૮**

## ગણતરીના કલાકોમા ખોખરા પોલીસ સ્ટેશન તથા કાલુપુર પોલીસ સ્ટેશના લુટના ગુનાનો ભેદ ઉકેલતી અમરાઈવાડી પોલીસ

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૦૨/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ  ડી.આઈ.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ શોધવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો હરપાલસિંહ નારસંગભાઈ તથા પો.કો હરસુખભાઈ અરસીભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે ખોખરા પોલીસ સ્ટેશન ફ.ગુર.નં.૧૫/૧૮ ઈપીકો કલમ ૩૯૨ મુજબ તથા કાલુપુર પોલીસ સ્ટેશન ફ.ગુર.નં.૦૬/૧૮ ઈપીકો કલમ ૩૯૨ મુજબ ના ગુનાના આરોપી મોહમંદ રફીક ઉર્ફે બડકો નિઝામભાઈ શેખ ઉવ:૩૩ રહે:ખાનવાડી મુર્ગા ફાર્મની સામે ઝુબેરખાનની ચાલીના કાચા છાપરામાં રામોલ અમદાવાદ શહેર ને લુટમા ગયેલ બે મોબાઈલ ફોન તથા ગુનામા વાપરેલ એક્ટીવા મો.સા મળી કુલ્લે રૂપીયા ૪૮૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તા:૧૧/૦૨/૨૦૧૮ ના કલાક ૧૬/૧૫ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી ઉપરોક્ત મુદામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી ઉપરોક્ત બન્ને ગુનાનો ભેદ ઉકેલી આરોપી તથા મુદ્દામાલ જેતે પો.સ્ટે ખાતે સોપવા તજવીજ કરેલ છે.

**ઘરફોડના ગુનાનો ભેદ ઉકેલતી અમરાઈવાડી પોલીસ**

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૦/૦૨/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ ડી.આઈ.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ શોધવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો સુરપાલસિંહ તખતસિંહ તથા પો.કો વિષ્ણુભાઈ ઘનશ્યામભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફ.ગુર.નં.૧૭૫/૧૭ ઈપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબ ગુનાના આરોપી નિવાજીભાઇ કમલકિશોર પ્રજાપતી ઉ.વ.૨૨ રહે.કર્ણાટક નગરની ચાલી સંજયચોક પાસે ભીલવાડા અમરાઈવાડી અમદાવાદ શહેર તથા મુળવતન ગામ:સમસપુર તા.ભર્થના જી.ઇટાવા ઉત્તરપ્રદેશ ને રોકડા રૂપીયા ૩૪૬૦/- સાથે પકડી ગુના કામે તા:૧૦/૦૨/૧૮ ના કલાક ૧૬/૪૫ વાગ્યે અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ**

આજરોજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૪ સુશ્રી શ્વેતા શ્રીમાળી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન શ્રી જે.પી.રાઓલ સાહેબ નાઓની માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંન્સપેકટર શ્રી એ.ડી.ગોહીલ નાઓની સુચનાથી મિલ્કત સબંધી ગુન્હા શોધવા સારુ સર્વે.સ્કવૉડના પો.સ.ઇન્સ વી.એસ.સિંધવ તથા હે,કો દિનેશકુમાર મીઠાલાલ બ.નં ૭૬૧૧ તથા પો.કો ભાવનેશકુમાર દિલીપભાઇ બ.નં ૯૯૩૭ તથા પો.કો સંજયકુમાર ધાસીરામ બ.નં ૮૭૫૧ નાઓએ મેઘાણીનગર પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીગ દરમ્યાન હે,કો દિનેશકુમાર મીઠાલાલ તથા પો.કો ભાવનેશકુમાર દિલીપભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે મેઘાણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં ૧૬૧/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો આરોપી રાહુલ ઉર્ફે લાલો સ/ઓ અમુતભાઇ પટણી (બુચીયાવાળા/ગબકાવાળા) ઉ.વ.૨૩રહે, ચેહરનગર સૈજપુર રેલ્વે સ્ટેશનની બાજુમા અમદાવાદ શહેર નાને ચોરી ગયેલ ઓટોરીક્ષા નં જીજે-૦૧-ડીટી-૯૨૨૯ કિ.રુ ૫૦,૦૦૦/- ના મુદામાલ સાથે મેમ્કો બ્રિજ નીચેથી પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.